# શહેરના સેકટર-૫ના પ્રાથમિક પ્રશ્નો કયારે ઉકેલાશે

ગાંધીનગર શહેરનું સેકટર-૫ પ્રાથમિક સમસ્યાઓથી ઘેરાયેલું છે. પ્રાથમિક પ્રશ્નનો ઉકેલ ન આવતા નાગરીકો હેરાન પરેશાન થઈગયા છે. સેકટર-૫ એ,બી અને સી માં હજ્જારો નાગરીકો વસવાટ કરે છે તેમ છતા સરકારી દવાખાનું કાર્યરત કરવામાં આવ્યું નથી. તંત્ર સમક્ષ સેકટરના વસાહતીઓ દ્વારા અનેકવાર રજુઆત કરી છતા દવાખાનાને લાગેલા ખંભાતી તાળા કયારે ખુલશે તે કોઈ કહી શકે તેમ નથી. તો બીજી તરફ દબાણનો પ્રશ્ન પણ નાગરીકોના માથાના દુખાવા સમાન બની જવા પામ્યો છે. કારણ કે દબાણ સેકટરના મુખ્ય માર્ગ પરથી સેકટરના આંતરીક માર્ગ સુધી પ્રસરી ગયું છે. ત્યારે સેકટર-૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ તંત્રને લેખિત રજુઆત કરીને દબાણ તેમજ દવાખાનાનો પ્રશ્ન સત્વરે ઉકેલવા માટે રજુઆત કરી છે.

સેકટર-૫ ખાતે વર્ષોથી સરકારી દવાખાનું બંધ હાલતમાં ખંડેર સમાન બની જવા પામ્યું છે. દવાખાનાના પ્રાંગણમાં જાળવણીના અભાવે મોટી બિનઉપયોગી વનસ્પતિ ઉગી ગઈ છે. જેથી આ વિસ્તારમાં નાગરીકો જતા ન હોવાથી અસામાજીક તત્વો માટે આ સ્થળ આશિર્વાદરુપ સમાન સાબિત થઈ રહ્યું છે. જેથી સ્થાનિક નાગરીકોની રજુઆત છે કે આ દવાખાનું તંત્ર દ્વારા સત્વરે શરુ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે તેમજ બીજી તરફ સેકટરના આસપાસના માર્ગો પર તો દબાણનો અજગરી ભરડો છે જ પરંતુ સેકટરના આંતરીક માર્ગો પર લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો વધી જવા પામ્યા છે. જેને તાત્કાલીક અસરથી દુર કરવામાં આવે તેવી રજુઆત તંત્ર સમક્ષ સેકટર-૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ કરી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ડેડી મમ્મી... વેકેશનમાં તમારે ફરવા જ્યાં જવું હોય ત્યાં જાવ... મારા માટે જેટલું બજેટ ફાળવ્યું હોય તેટલા જી.બી.નું રિચાર્જ કરાવી દો...

# શહેરમાં રસ્તા વચ્ચે અચાનક આવતા રખડતા ઢોર

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં પાયાના પ્રશ્નોમાં મુખ્યત્વે ગંદકી, દબાણ અને રખડતા ઢોર છે. છતા પણ આજદિન સુધી એકપણ પ્રશ્નનો કાયમી ઉકેલ આવ્યો નથી. માર્ગ વચાળે ગમે ત્યારે આવી જતા રખડતા ઢોરને પગલે બે પૈંડા પરની જીંદગી ઝોખમરૂપ બની છે. માર્ગ પર અડીંગો જમાવીને બેસતા રખડતા ઢોર ઉભા ન થતા વાહનચાલકો માટે પણ મુશ્કેલીરૂપ બને છે. જયારે શહેરમાં ઢોરને પગલે વાહન અકસ્માતમાં પણ વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરની સમસ્યા નગરજનોને વર્ષોથી સતાવે છે. નગરજનો એ અનેકવાર લેખિત તેમજ મૌખિક ફરિયાદ કરવા છતા પણ રોડ પરથી રખડતા ઢોર દુર થયા નથી. મહાનગર પાલિકા તંત્ર દ્વારા રખડતા ઢોર પકડવા માટે ટીમ પણ કામગીરી કરી રહી છે. તેમ છતા રાત્રે ન દેખાતા હોય તેટલા ઢોર દિવસે દેખાય છે. જયારે માર્ગ પર અચાનક ઢોર આવી જતા વાહન વચ્ચે અકસ્માત પણ સર્જાય છે.ત્યારે મુંગા ઢોરને પણ ઈજા પહોંચે છે તેમજ વાહનમાં બેસેલા મુસાફરોને પણ ઈજા પહોંચે છે. જયારે અકસ્માતમાં વાહનનો ખુડદો બોલી જાય છે.

જયારે નગરના બાગ-બગીચાને પણ રખડતા ઢોર નુકશાન પહોંચાડે છે. શહેરમાં બે પૈંડા પરની જીદગી ઝોખમાઈ છે. ઢોરને પગલે થતા માર્ગ અકસ્માતની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. તંત્ર દ્વારા ઢોરને પકડીને ઢોર ડબામાં પુરી દેવાય છે તેમ છતા માલિકો દંડ ભરીને છોડાવી જાય છે. જેને પગલે શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ નગરજનોને સહન કરવો પડે છે. ત્યારે નગરજનોએ વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો અનેકવાર કરી હોવા છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે સ્માર્ટ સીટી બનવા તરફ જઈ રહેલા શહેરને રખડતા ઢોરના ત્રાસમાંથી મુકત કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.



# દાદાના વ્યક્તિત્વથી પ્રેરિત થઈ પૌત્ર ડીવાયએસપી બન્યો

### પ્રણવ કટારીયાએ તાજેતરમાં જીપીએસસી દ્વારા જાહેર કરાયેલા પરીણામમાં એસ.સી. કેટેગરીમાં સમગ્ર ગુજરાતમાં ચોથો ક્રમ હાંસલ કરી સમાજનું ગૌરવ વધાર્યુ હતુ

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારના સામાન્ય પરિવારના અનુસૂચિત જાતિના યુવાન પ્રણવ કટારીયાએ પોતાના દાદાની પ્રેરણાએ સમાજમાં મોભાદાર પદ પર નોકરી મેળવવા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા કઠણ મન બનાવી જંપલાવ્યુ હતુ. વાંચન લેખનની લાંબી યાત્રામાં તગડી મહેનતના અંતે જીપીએસસીની વર્ગ-૧ પરીક્ષામાં એસસી કેટેગરીમાં સમગ્ર ગુજરાતમાં ૪થો ક્રમ હાંસલ કરી પોલીસ વિભાગમાં ડીવાયએસપી પદે પસંદગી પામી યુવાનોને પ્રેરણા પુરી પાડી છે. અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને આસીમાં મિલમાં નોકરી કરતા નૌતમભાઈ કટારીયાએ ટુંકા પગાર અને ઘરની જવાબદારીઓ વચ્ચે પોતાના બન્ને દિકરાઓને એન્જીનિયર બનાવ્યા હતા.



નૌતમભાઈના મોટા પુત્ર પ્રણવ કટારીયાએ ૨૦૧૩માં ગાંધીનગરની એન્જીનીયરીંગ કોલેજમાંથી કમ્પ્યૂટર એન્જીનિયરીંગનો અભ્યાસ પૂર્ણ કરી નોકરી કરવા ઈચ્છા વ્યકત કરી હતી. પરંતુ સંયુકત પરિવારમાં ઉછરેલા પ્રણવ કટારીયાએ સરકારી નોકરી કરતા પોતાના દાદાને નાનપણથી જોયા હતા. આથી પોતાના જીવનની કારકિર્દી ઘડવા માટે અને સમાજમાં મોભાદાર પદ પર નોકરી મેળવવા ૨૦૧૩થી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં જંપલાવ્યુ હતુ. પ્રણવે જીવનમાં કંઈક કરી છુટવાની ઈચ્છા સાથે સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થનાર અધિકારીઓનું માર્ગદર્શન મેળવવાનું શરૂ કર્યુ હતુ. તૈયારીની શરૂઆતમાં જ સંપુર્ણ તૈયારીના અંતે યુપીએસસીની પ્રિલીમ પરીક્ષા અને મુખ્ય પરીક્ષા ત્રણ વખત આપી પરંતુ ઈન્ટરવ્યુમાં સફળતા ન મળી.

ત્રણ વખત યુપીએસસીમાં અસફળ થયા છતાં પણ હિંમત હાર્યા વગર મહેનત ચાલુ રાખીને જીપીએસસીની પરીક્ષા માટે તૈયારીઓ શરૂ કરી દિધી હતી. આખરે ૨૦૧૭માં માનસ એકેડમી સંવિધાન એકેડમી અને શાશ્વત એકેડમીમાં કોચીંગ મેળવી જીપીએસસી દ્વારા લેવાયેલી વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષા આપી હતી. જેમાં તાજેતરમાં જાહેર થયેલા વર્ગ-૧-૨ના પરિણામમાં સમગ્ર ગુજરાતમાં એસ.સી. કેટેગરીમાં ૪થો ક્રમ મેળવી પોલીસ વિભાગમાં નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી)ના પદ પર પસંદગી પામ્યા છે. પ્રણવ કટારીયા તેમની આ ઉચ્ચ સફળતા માટે વિધાદાન અશીમ ઉડાન સંસ્થા તથા પોતાના પરિવારના આશીર્વાદ હોવાનું માની રહ્યા છે.

# માધુપુરના મેળાને લઈ તમામ તૈયારી પૂર્ણ કરાઈ

ગાંધીનગર,તા. ૨૪

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ભવ્ય માધવપુરના મેળાને લઈને તમાંમ તૈયારીયો કરી લેવામાં આવી છે. માધવપુરના મેળામાં આ વખતે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અન્ય કેન્દ્રીય મંત્રી પણ ઉપસ્થિત રહેનાર છે. ઐતિહાસિક પોરબંદર નજીક નાનકડા માધવપુરમાં આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. માધવપુર ઐતિહાસિક પોરબંદરથી ૬૦ કિલોમીટર દક્ષિણ-પક્ષિમ સ્થિત છે. માધવપુરના મેળામાં ૨૬,૨૭,૨૮મીએ જોરદાર આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના ટુરિઝમ ક્ષેત્રમાં પણ આને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે. એવી માન્યતા છે કે, ભગવામ કૃષ્ણએ રૂક્ષ્મણી સાથે માધવપુરમાં લગ્ન કર્યા હતા. દર વર્ષે આનું આયોજન કરવામાં આવે છે. માધવપુરનાં મેળાનું અનેરૂં મહત્વ છે. આ મેળો ભગવાન શ્રી કૃષ્ણ અને માતાજી રૂક્ષ્મણીજીનાં વિવાહ મેળા તરીકે પણ ઓળખાય છે.




## સે. ૧૨માં 'જળ બચાવો' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરમાં તાજેતરમાં તા. ૨૩મી માર્ચના રોજ વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે મનપાના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાતના માર્ગદર્શન હેઠળ સેકટર-૧૨માં સરકારી પ્રાથમિક શાળાના બાળકોએ રેલીનું આયોજન કર્યુ હતુ. સર્જન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત આ રેલીમાં બાળકોએ સ્થાનિક રહીશોને પાણીનો બગાડ અટકાવી પાણી બચાવવા જાગૃત કરતા સુત્રો પોકારી સમજાવ્યા હતા.

# સરહદ પર તૈનાત જવાનોને નવા હથિયારો મળશે

ગાંધીનગર,તા. ૨૪

સૈનાને લાંબા સમયથી હથિયારોની જરૂરિયાત દેખાઈ રહી છે. આ બાબતને ધ્યાનમાં લઈને હવે આખરે સરકારે ભારત અને ચીન તથા ભારત તથા પાકિસ્તાન સરહદ પર ફરજ બજાવતા જવાનો માટે નવા પ્રકારના હથિયારો ઉપલબ્ધ કરાવવાની તૈયારી કરી લીધી છે.

આ જવાનોને રાઈફલ, લાઈટ મશીન ગન, કલોજક્વાર્ટર બૌટલ કાર્બાઈન્સ ઉપલબ્ધ કરાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. સરકાર આ કામ ફાસ્ટ ટ્રેક પ્રોસીઝર હેઠળ કરનાર છે. સંરક્ષણ મંત્રાલયના સુત્રોનો કહેવું છે કે, પસંદગી કરવામાં આવેલી વિદેશી કંપનીઓને ૭૨૪૦૦ એસોલ્ટ રાઈફલ્સ, ૧૬૪૭૯ એલએમજી અને ૯૩૮૯૫ સીક્યુબી અપાશે.

# સર્વ નેતૃત્વ ગૃપના માર્ગદર્શકના જન્મદિનની અનોખી ઉજવણી

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સેવાભાવી યુવનોનું સર્વ નેતૃત્વ ગૃપ અનેક પ્રકારની સેવાકીય અને જન કેમ્પસમાં કાપડની થેલીઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

સર્વ નેતૃત્વ ગૃપના યુવાનોને સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ દ્વારા પણ બિરદાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ કાપડની બેગ



જાગૃતિની પ્રવત્તિઓ સાથે સંકળાયેલું છે. આજે આ ગૃપના કોઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલનો જન્મદિન વિદ્યાર્થીઓએ અનોખી રીતે ઉજવ્યો હતો. જેમાં પ્લાસ્ટિક બેગના કારણે પર્યાવરણ પર થતી અસરોને ધ્યાનમાં રાખી તેનો ઉપયોગ ટાળવાના હેતુથી સમગ્ર નેતૃત્વ પુરું પાડી માર્ગદર્શિત કરતા ડૉ. ધર્મેન્દ્ર પટેલના જન્મદિને સમગ્ર કડી સર્વ વિદ્યાલય કેમ્પસને પ્લાસ્ટિક મુકત કરવાનો નિર્ધાર યુવાનો દ્વારા કરવામાં આવ્યો હતો આ માટે યુવાનોએ સમગ્ર કેમ્પસમાં કાપડની બેગ્સ વિતરણ કરવાનું બીડું ઝડપ્યું હતું. યુવાનોની આ પહેલને સાથે એક પેનની શુભેચ્છા ભેટ આપી કેમ્પસમાં સૌને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા સમજાવ્યા હતા. આ કાર્ય સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો તન્મય પટેલ, રાહુલ સુખડીયા, સુરજ મુંજાણી, રાહુલ રંગાણી, પાર્થ પટેલ, સુનિલ પટેલ વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.

# 'અક્ષરજ્ઞાન' વર્ગમાં બાળકોનો સામુહિક બર્થ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોના બાળકોને 'અક્ષરજ્ઞાન' પુરૂ પાડવાનું સેવા કાર્ય ઘણા સમયથી ચાલી રહ્યું છે. આ બાળકોમાંથી કેટલાકનો જન્મ દિવસ એક સાથે હોવાથી ગુરૂવારે તેની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેક કટીંગ ઉપરાંત વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી.

'અક્ષરજ્ઞાન' વર્ગના સેક્ટર-૨૩ના છાપરાંમાં રહેતા બાળકો જેમા તેજલ, હેતલ, કિંજલ, અશ્વિન અને પ્રણવનો સમાવેશ થાય છે. જેમનો જન્મદિવસ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મીણબત્તીઓના ઉજાસમાં 'હેપ્પી બર્થ ડે' ગીત સાથે કેક કટીંગ કરવામાં આવ્યું હતું. આ સાથે ઉપસ્થિત સૌ કોઈએ બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે બાળકોની સ્વચ્છતા સ્પર્ધા યોજવામાં આવી હતી.

જેમાં જાતે સ્વચ્છ થઈ સ્વચ્છ અને નવા કપડાં પહેરીને આવેલા બાળકો સાનિયા, કિંજલ, હેતલ, રોશની, સુનિલ અને અશ્વિનને વિજેતા જાહેર કરાયા હતા. આ પ્રસંગે નિરીક્ષકો તરીકે કોર્પોરેટર અંકિત બારોટ, પત્રકાર-એડવોકેટ અમિતા વાઘેલા, પ્રો. હરિત પટેલ, ડૉ. કિરીટ શુકલ અને સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણાએ સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં ૨૦ જેટલા બાળકો ઉપરાંત અક્ષરજ્ઞાન વર્ગમાં સેવાઓ આપતાં શિક્ષકો હેતલ, જયમિની, મનસ્વી, પરેશ, નિધી અને અંજના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું પોષક અને પ્રેરક કડી કેમ્પસના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે આયોજન ગોઠવ્યુ હતુ. કાર્યક્રમના સમાપને તમામ બાળકોને પાઉચ પોકેટ તથા બિસ્કિટ ચોકલેટ્સની શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી.




સંવિધાન કેરિયેર એકેડમીના ઉપક્રમે ગાંધીનગર સ્થિત નગરપાલિકા હોલમાં પરીક્ષાની સાચી તૈયારી માટે સાચી દિશા શીર્ષક હેઠળ માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. જેમાં આમંત્રિત વક્તાઓ દિવ્ય પ્રકાશ ગોહિલ, પ્રણવ કટારીયા, વિજય પ્રજાપતિ, ડૉ. અભય ચૌહાણ અને સંસ્થાના સંચાલક ડૉ. વિકલ્પ કોટવાલે યુવાનોને પ્રેરક માર્ગદર્શન આપ્યુ હતુ. આ સેમિનારમાં મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# લૂંટ કેસમાં આરોપીઓ સામે વધુ એક ગુનો દાખલ કરાયો

અમદાવાદ,તા. ૨૪

શહેરના એસજી હાઈવે પર રાજપથ કલબ પાસે ગયા મહિને સીએમએસ કંપનીની કેશવાનના ડ્રાઈવર દ્વારા કરાયેલી રૂ.૯૮ લાખની સનસનીખેજ ચોરીના ચકચારભર્યા પ્રકરણમાં આરોપી ડ્રાઈવર સુધીર બઘેલને સીએમએસ કંપનીમાં નોકરી અપાવવા મુખ્ય સૂત્રધાર આરોપી મુકેશ યાદવે પોલીસ વેરીફિકેશનમાં ચાંદખેડા પોલીસ અને ગુજરાત પોલીસના ખોટા સહી-સિક્કા બનાવી બોગસ દસ્તાવેજો કંપનીમાં જમા કરાવ્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. વસ્ત્રાપુર પોલીસે પોલીસના ખોટા સહી-સિક્કા બનાવવા બદલ સુધીર બઘેલ, મુકેશ યાદવ સહિત ત્રણ આરોપીઓ સામે વધુ એક ફરિયાદ રાણીપ પોલીસમથકમાં દાખલ કરી છે. ૯૮ લાખની કેશવાન લૂંટ પ્રકરણમાં વસ્ત્રાપુર પોલીસે આરોપી ડ્રાઈવર સુધીર બઘેલ, સીએમએસ કંપનીના મેનેજર કર્મચારી પિયુષ પરમાર અને સીકયોરીટી કર્મચારી કુંવરજી રાજપૂતની ધરપકડ કરી સઘન પૂછપરછ હાથ ધરતાં તેમાં આ ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા હતા. કેશવાનમાંથી લૂંટ કરવાના પ્લાનીંગના ભાગરૂપે જ મુખ્ય સૂત્રધાર આરોપી મુકેશ યાદવે જે ખોટા ડોકયુમેન્ટસના આધારે કેશવાનના ડ્રાઈવર તરીકે સુધીર બઘેલને નોકરીએ રખાવ્યો હતો, તે દસ્તાવેજો તેમને પાછા આપી દેવાનું નક્કી થયુ હતુ, કે જેથી લૂંટ બાદ કોઈ પુરાવા ના રહે. જો કે, સમગ્ર કાવતરાનો પર્દાફાશ થતાં કંપનીનો મેનેજર પિયુષ પરમાર પણ પકડાઈ ગયો હતો. પોલીસે હાથ ધરેલી તપાસમાં આરોપી સુધીર બઘેલ અને મુકેશ યાદવના પર્સનલ ઈન્ફર્મેશન ફોર્મ અને પોલીસ વેરીફિકેશન ફોર્મમાં ઘણી વાતો બોગસ સામે આવી હતી.



## સે-૩-એ ન્યુમાં સફાઈ અભિયાન

સેકટર-૩-એ ન્યુના જાગૃત મહિલા કાર્યકર પ્રફુલ્લાબેન બી. ભાવસારની સતત રજુઆતોથી મહાનગરપાલિકા દ્વારા સફાઈ અભિયાન યોજવામાં આવ્યું હતું. પ્રફુલ્લાબેનની રજુઆતથી સ્ટ્રીટલાઈટ રીપેરીંગ તેમજ વનખાતાને રજુઆતો કરી ઝાડીને ટ્રીમ કરાવવી અને સફાઈ અભિયાન જેવા કાર્યો કરી સફળતા મેળવી છે.



## સંગીની ફોરમનો વાર્ષિક કાર્યક્રમ યોજાયો

સંગીની ફોરમ ગાંધીનગરનો વાર્ષિક કાર્યક્રમ તાજેતરમાં ગાંધીનગર માણસા માર્ગ પર આવેલ પરંપરા હોટલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં જાણીતા મહિલા રૂઝાન ખંભાતા કી નોટ સ્પીકર તરીકે હાજર રહ્યા હતા. આ પ્રસંગે તેણીએ સ્ત્રી સશકિતકરણ અને સ્ત્રી રક્ષણ માટે પ્રેરણાદાયી વકતવ્ય હાજર મહિલાઓને આપ્યું હતું.જેનાથી સંગીની ફોરમની મહિલાઓ ખુબ પ્રભાવીત થઈ હતી. આ કાર્યક્રમમાં ફોરમની સો જેટલી બહેનો ઉપસ્થિત રહી હતી. આ કાર્યક્રમમાં જૈન સોશ્યલ ગૃપના સ્થાપક પ્રમુખ સુર્યકાંત મહેતા તેમજ જૈન સોશ્યલ ગૃપના ગાંધીનગરના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સંગીની ફોરમના પ્રમુખ નિનાબેન ઝાટકીયા એ સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે કાર્યક્રમનું સંચાલન નેહલ ટોળીયાએ કર્યું હતું. સાંજના ભોજન બાદ સૌ આનંદની લાગણી સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.